**GJJM020094322025**

| સમયગાળો :- | વર્ષ : માસ : દિવસ |
| --- | --- |
| | ૦૦ : ૦૯ : ૦૦ |
| આંક :- | |

**-:નમુનો-અ:-**

## જામનગરનાં મહેરબાન એડિશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ. જામનગર

**ચુકાદાની તારીખ : ૨૯/૦૬/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. : ૬૧૭૧/૨૦૨૫**

### ગુનાની વિગત

| | |
| --- | --- |
| ગુનાની કલમ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ-૬૫(એ)(એ) મુજબ. |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ. ર. નં.- ૧૧૨૦૨૦૦૨૨૪૨૩૦૮/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | સીટી સી ડીવીઝન પોલીસ સ્ટેશન, જામનગર |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી ડી.એન.ત્રિવેદી. |
| આરોપીઓપક્ષ | **મોહન ઉર્ફે મનુ ઘુઘરો અમરશીભાઇ ચૌહાણ,**<br>ઉ.વ. ૬૨, ધંધો : મજુરી<br>રહે. ખેતીવાડીની સામે, સીધ્ધાર્થનગર શેરી નં.૩, જામનગર |
| રજુઆત | આરોપી તરફે વિ.વકીલ.શ્રી જે.કે.ગોહીલ |

**–:નમૂનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૯/૧૨/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૯/૧૨/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૦૨/૦૭/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | ૩૦/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૯/૦૯/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**::આરોપીની વિગત::**

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળોબી.એન.એસ. એસ ની કલમ–૨૭૧ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | મોહન ઉર્ફે મનુ ઘુઘરો અમરશીભાઇ ચૌહાણ | ૧૯/૧૨/૨૦૨૪ | | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ) મુજબ. | નિર્દોષ છોડયા | | |

**::નમૂનો ક::**

**ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા. ૧ | પ્રવીણ ભીમજીભાઇ વાઘેલા | પંચ |
| ફ.સા. ૨ | અજય રાજુભાઇ પાટીલ | પંચ |
| ફ.સા.૩ | શીવભદ્રસિંહ મહોબતસિંહ જાડેજા | ફરિયાદી |

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | પંચ– પ્રવીણ ભીમજીભાઇ વાઘેલાની જુબાની |
| ૨ | ૦૮ | પંચનામું |
| ૩ | ૧૧ | પંચ–અજય રાજુભાઇ પાટીલની જુબાની |
| ૪ | ૧૬ | ફરીયાદી–શીવભદ્રસિંહ મહોબતસિંહ જાડેજાની જુબાની |
| ૫ | ૧૭ | ફરીયાદ |

**::–ચુકાદો–::**

**(૧) કેસની ટૂંકી હકીકત :–**

ફરીયાદીપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, કોલમ નં–૨ માં જણાવેલ આરોપી ગે.કા. પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લીટર ૦૩ કિ.રૂ. ૬૦૦/– નો પોતાના કબ્જાના રહેણાંક ઝુપડામાં રાખી રેઇડ દરમ્યાન હાજર નહી મળી આવી ગુન્હો કરેલ સીટી સી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં. ૧૧૨૦૨૦૦૨૨૪૨૩૦૮/૨૦૨૪ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુન્હો કર્યા બાબત તપાસ દરમ્યાન આરોપીઓ પકડાઇ જતા આરોપીઓ વિરૂધ્ધમાં પુરતા પુરાવાના આધારે ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨) ન્યાયિક કાર્યવાહી :–**

આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ,

આરોપીઓને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ **આંક–૦૩** થી તહોમતનામું ફરમાવી, **આંક–૦૪** થી ગુન્હા અંગે સમજ આપી નિવેદન લેવામાં આવતાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ.

## ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી

**<u>અ. ફરિયાદ પક્ષ</u>**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | પંચ– પ્રવીણ ભીમજીભાઇ વાઘેલાની જુબાની |
| ૨ | ૦૮ | પંચનામું |
| ૩ | ૧૧ | પંચ–અજય રાજુભાઇ પાટીલની જુબાની |
| ૪ | ૧૬ | ફરીયાદી–શીવભદ્રસિંહ મહોબતસિંહ જાડેજાની જુબાની |
| ૫ | ૧૭ | ફરીયાદ |

(૩) ઉપર મુજબનો પુરાવો નોધ્યાં બાદ આરોપીનું બી.એન.એસ.એસ ની કલમ–૩૫૧ અન્વયે વધારાનું નિવેદન નોંધવામાં આવતા આરોપીએ તેઓ નિર્દોષ છે અને તેઓએ આવો કોઈ ગુન્હો કરેલો નથી તેવુ જણાવેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**<u>–::મુદાઓ::–</u>**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, કોલમ નં–૨ માં જણાવેલ આરોપી ગે.કા. પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લીટર ૦૩ કિ.રૂ.૬૦૦/– નો પોતાના કબ્જાના રહેણાંક ઝુપડામાં રાખી રેઇડ દરમ્યાન હાજર નહી મળી આવી ગુન્હો કરેલ સીટી સી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં. |

| | |
|---|---|
| | ૧૧૨૦૨૦૦૨૨૪૨૩૦૮/૨૦૨૪ **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ) મુજબનો** શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે ? |
| (૨) | શું હુકમ? |

(૫) ઉપરોકત મુદ્દાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં.** |
| (૨) | આખરી હુકમ મુજબ |

## // નિર્ણય અંગેનાં કારણો //

## ૦૬. મુદા નંબર: ૧

### (૬.૧) પંચ :–

હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક-૦૭** પ્રવીણ ભીમજીભાઈ વાઘેલા તથા **આંક-૧૧** થી અજય રાજુભાઈ પાટીલને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. પરંતુ તેઓ **આંક-૦૮** વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેમને ઈન્ડિયન એવિડન્સ એક્ટ ની કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવામાં આવેલી પરંતુ સદર તપાસમાં ફરિયાદ પક્ષને કોઈ મહત્વનો પુરાવો મળી આવેલ ન હોય તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

### (૬.૨) ફરીયાદી :–

ફરીયાદપક્ષે **આંક–૧૬** થી **ફરીયાદી** શીવભદ્રસિંહ મહોબતસિંહ જાડેજાને તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ગ.તા. ૧૯/૧૨/૨૦૨૪ ના રોજ તેઓ તથા પો.હે.કો એફ..એમ.ચાવડા સાથે પોલીસ સ્ટેશન

વિસ્તારમાં પ્રોહી અંગે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક-૧૯-૦૦ વાગ્યે વામ્બે આવાસ રોડ, સીધ્ધાર્થનગર ,શેરી નં.૩ પાસે આવતા બાતમી મળેલ કે અહીં રહેતા મનુભાઈ ઉર્ફે મનુ ઘુઘરો તેના રહેણાંક મકાનમા દેશી દારૂ બનાવી વેચાણ કરતા હોવાની હકીકત મળતા બે રાહદારી પંચો બોલાવી હકીકતથી વાકેફ કરી પ્રોહી કલમ -૧૨૦ નો ઠરાવ કરી હકીકતવાળી જગ્યાએ રેડ કરતા મજકુર ઇસમ તેના રહેણાંક મકાને હાજર મળી આવેલ ન હોય બંને પંચોને સાથે રાખી રહેણાંક ઝુંપડાની ઝડતી તપાસ કરતા ઝુંપડામાંથી દેશી દારૂ લીટર -૦૩ એક પ્લાસ્ટીકના કેનમાં મળી આવેલ જેની કિંમત રૂા.૬૦૦/- ગણી કબજે કરેલ અને આ કામે તેઓએ આરોપી વિરુધ્ધ ધોરણસર ફરીયાદ આપેલ . જે ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે. જેમાં તેઓની સહી છે. જે ઓળખી બતાવે છે. તે રજુ દા. આંક-૧૭ આપવામાં આવે છે. તેઓ આરોપીને ઓળખે છે. તે આજરોજ કોર્ટમાં હાજર નથી.

બચાવપક્ષ દ્વારા સદર ફરીયાદીને ઉલટ તપાસમાં વિવિધ રીતે પડકારવામાં આવેલા છે. જેમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, બનાવના દિવસે તેઓ પેટ્રોલીંગમાં હતા તે અંગેનો કોઈ પુરાવો હાલના કામે આપેલ નથી કે તપાસ કરનાર અમલદારે માંગેલ નથી. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે બનાવવાળી જગ્યા રહેણાંક વિસ્તાર છે અને નજીકમાં ઘણા બધા મકાનો અને દુકાનો આવેલ છે. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે તેઓ પેટ્રોલીંગમાં કઈ રીતે ગયેલા, કયાં વાહનથી ગયેલા તે ફરીયાદમાં લખેલ નથી. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે ફરીયાદમાં પંચોના નામ ઠામ લખાવેલ નથી. વધુમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે તેઓ કયા સમયથી કયા સમય સુધી પેટ્રોલીંગમાં હતા તે ફરીયાદમાં લખાવેલ નથી. વધુમાં તેઓ ઈન્કાર કરતા જણાવે છે કે આરોપી પાસે આવો કોઇ મુદામાલ મળી આવેલ નથી. વધુમાં તેઓ ઈન્કાર કરતા જણાવે છે કે આરોપીએ આવો કોઈ ગુનો કરેલ નથી અને સારી કામગીરી બતાવવા ખોટી ફરીયાદ આપેલી છે.

**<u>(૭) પુરાવાકીય મુલ્યાંકન:–</u>**

**(૭.૧)** આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ

સમયે હાલના આરોપી પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે. ત્યારે કહેવાતી ઝડતીવાળી જગ્યા બીનવારસી રીતે એક રહેણાંકના ઝુપડામાંથી મળી આવેલ છે વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલ નથી. જો ઝડતી કરતા અગાઉ પંચોને બોલાવેલ હોત તો તે હકીકત તેઓએ ફરીયાદમાં જણાવેલ હોત**,** પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સંબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઝડતીવાળી જગ્યા રહેણાંકનુ ઝુપડું છે પરંતુ તે ઝુપડું ખરેખર હાલના આરોપીના નામનુ છે કે કેમ હાલના આરોપીને બનાવ સ્થળ સાથે સીધી રીતે સાંકળી શકે તેવો કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે તપાસ એજન્સી દ્વારા તપાસ રજુ કરવામાં આવેલ નથી. વધુમાં રેડ વાળો વિસ્તાર જાહેર વિસ્તારમાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ ઝડતી પંચનામાની જગ્યાની ચર્તુ:દિશા પણ બતાવવામાં આવે છે. તેમજ આરોપી વિરૂધ્ધ ગેરકાયદેસર દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતા તપાસ કરનાર અમલદાર આરોપીના કબજામાંથી દારૂ મળી આવેલ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી જેથી પંચોની હાજરીમાં મુદામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સબંધે શંકા ઉત્પન્ન થાય છે. વળી**, સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ ઓનકાર માનીક પટીલ (1980(2) MHLR 15)** માં પ્રસ્થાપ્રીત કરેલ છે કે, જયારે પંચસાહેદ દ્વારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીની જુબાની પર આધાર રાખી શકાય નહી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧(૨૯મ્ જી. એચ. જે. ૦૧)**માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ કે, જયારે પંચસાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો તે સલામતી ભર્યુ ગણાય નહી. વધુમાં, **માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે. એકસ. (ગુજ)૨૩૮)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ કે, જો કોઈ પંચસાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો

વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. સદર કામે પ્રમાણીત ટેસ્ટીગ લેબોરેટીરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી, તે અંગેનો કોઈ રીપોર્ટ ફરીયાદપક્ષ દ્વારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી. તેમજ ફરીયાદીની જુબાનીમાં ઉલટતપાસ જોતા તેઓએ પેટ્રોલીંગ બુક નીભાવવાની હોય અને તો તે અંગેની નોંધ કરવાની હોય છે તેમ છતાં તેઓ દ્વારા સદર કામે પેટ્રોલીંગ બુકની નકલ રજુ રાખેલ નથી. તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાનીમાં વિશ્વનીયતા જણાય આવતી નથી. ફરીયાદીના પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન આપે ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને આ કામે તપાસેલા પંચસાહેદ તટસ્થ પંચસાહેદ છે. તેમ છતાં તેઓએ આરોપી પાસેથી દારૂ કબ્જે હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરીયાદીનાં પુરાવાને તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન મળેલ ન હોય, તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. તેમજ ફરીયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચસાહેદોનું સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદી અને પોલીસ સાહેદોની જુબાનીમાં વિશ્વસનીયતા જણાતી નથી. જે સંજોગોમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **::: આખરી હુકમ :::**

(૧) આ કામનાં આરોપી **મનુભાઈ ઉર્ફે મનુ ઘુઘરો અમરશીભાઈ ચૌહાણ**નાઓને બી.એન.એસ.એસ ની કલમ–૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહિબીશન એકટ, ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલના કામે આરોપીએ અગાઉ આપેલા જામીન અપીલ સમય સુધી ચાલુ

રાખવાનો અથવા રૂપીયા ૧૫,૦૦૦/– ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અપીલ સમય સુધીના રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) હાલના કામે કબ્જે કરવામા આવેલ પ્રોહી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૨૯મી, માહે :જુન , સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૨૯/૦૬/૨૦૨૬**
**જામનગર.**

**(ખુશ્બુ મુકેશભાઈ ભટ્ટ)**
**એડિશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**જામનગર.**
**જી.જે.૦૧૫૫૯**

એમ.યુ.ખારેચા